**Government Arts College,Kaparada**
**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/2022/અંગ્રેજી/30-33 DATE: 17/01/2022

પ્રતિ,
કુલસચિવશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના મગદલ્લા રોડ, સૂરત

વિષય:- શૈક્ષણિક વર્ષ 2022-23 થી અત્રેની સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે અંગ્રેજી મુખ્ય વિષય તરીકે શરૂ કરવા બાબત.

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીને સવિનય જણાવવાનું કે અત્રેની સંસ્થા સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે આગામી શૈક્ષણિક વર્ષ 2022-23 થી અંગ્રેજી મુખ્ય વિષય તરીકે શરૂ કરવા તેમજ અત્રેની સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે તે હેતુથી અત્રેની સંસ્થાએ કપરાડા તેમજ આજુ બાજુની હાઈસ્કૂલમાં 11 માં અને 12 માં ધોરણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને અંગ્રેજી મુખ્ય વિષય તરીકે પસંદ કરવા પ્રેરિત કર્યા. મુલાકાત લીધેલ સ્કૂલોની વિગત તેમજ હાજર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ | મુલાકાત લીધેલ શાળા | 11 માં અને 12 માં ધોરણના હાજર વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| 1 | 04/01/2022 | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, વાડધા | 58 ( 11 માં અને 12 ધોરણના હાજર વિદ્યાર્થીઓ) |
| 2 | 05/01/2022 | કન્યા સાક્ષરતા નિવાસી શાળા, સુથારપાડા | 143 ( 11 માં અને 12 માં ધોરણના હાજર વિદ્યાર્થીઓ) |
| 3 | 05/01/2022 | અરૂણોદય સાર્વજનિક વિદ્યાલય, કપરાડા | 88 (ફક્ત 12 માં ધોરણના હાજર વિદ્યાર્થીઓ) |
| 4 | 07/01/2022 | મોડેલ સ્કૂલ, માંડવા | 84 (11 માં અને 12 ધોરણના હાજર વિદ્યાર્થીઓ) |
| 5 | 07/01/2022 | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, સુથારપાડા | 63 (11 માં અને 12 ધોરણના હાજર વિદ્યાર્થીઓ) |
| 6 | 07/01/2022 | સરકારી હાયર સેકેન્ડરી સ્કૂલ સિલ્ધા | 47 (11 માં અને 12 ધોરણના હાજર વિદ્યાર્થીઓ) |

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

મુલાકાત લીધેલ ઉપરોક્ત જણાવેલ શાળાઓમાં ઘણાં વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ 2022-23 માં કપરાડા કોલેજમાં પ્રવેશ લઈ અંગ્રેજી મુખ્ય વિષય તરીકે પસંદ કરવાની ઈચ્છા પ્રગટ કરેલ છે. ઉપરાન્ત સરકારશ્રીના જાહેરનામો ક્રમાંક દગજ/2012/142/ખ-1 તા.04/07/2013 થી અંગ્રેજી વિષયને મુખ્ય / ગૌણ વિષય તરીકે માન્યતા પણ મળેલ છે. સંસ્થામાં GPSC નિમણૂક પામેલ અંગ્રેજી વિષયના મદદનીશ પ્રાધ્યાપક છે. ઉપરાન્ત અત્રેની કોલેજના આચાર્યશ્રી પણ અંગ્રેજી વિષય ધરાવે છે. માટે અમે શૈક્ષણિક વર્ષ 2022-23 થી અંગ્રેજી મુખ્ય વિષય તરીકે શરૂ કરવા જઈ રહ્યા છે. જે આપ સાહેબશ્રીને વિદિત થવા વિનંતી.

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

બિડાણ:- 1) ઉપરોક્ત શાળાઓ તરફથી મેળવેલ પ્રમાણપત્ર / અહેવાલ ની નકલ

2) અંગ્રેજી મુખ્ય / ગૌણ વિષય તરીકે શરૂ કરવા શિક્ષણ વિભાગનો જાહેરનામો દગજ/2012/142/ખ-1 તા.04/07/2013.

4) કાયમી જોડાણનો પત્ર

5) 12 B

નકલ સવિનય રવાના:-

1) માનનીય ડાયરેક્ટરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં 12, જીવરાજ મહેતા ભવન, જૂનો સચિવાલય, ગાંધીનગર.
2) માનનીય અગ્રસચિવશ્રી, 8 મો માળ, બ્લોક નં 5, શિક્ષણ વિભાગ, નવો સચિવાલ, ગાંધીનગર
3) કોજેન્ટ પોર્ટલ, નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત, એલ. ડી. ઈજનેરી કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ

Govt. Arts College-Kaparada * Dist. Valsad *